# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૬/પરવાનગી/૫૦/૨૦૧૬
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા - ૧૮.
તારીખ :-૨૦ - ૦૧ - ૨૦૧૭

પ્રતિ,
શ્રી પ્રિયંક રમણભાઇ પટેલ
૫, પંકજ સોસાયટી,
ઇલોરાપાર્ક વડોદરા,

વિષય :-મોજે ભાયલી, તા.જી.વડોદરાના રે.સ.નં.૩૬૪/૨, બ્લોકનં.૩૧૪,૩૧૫, ઓ.પી.નં. ૧૬,૧૭, ફા.પ્લોટનં.૨૬,૨૭, ટી.પી.સ્કીમનં. ૦૩(ભાયલી) વાળી જમીનમાં ટાવર એ-બી તથા ટાવર આઇ જે (કુલ ૦૪)માં કુલ-૪૮ દુકાનો તથા રહેણાંક હેતુના કુલ-૬૪ ફ્લેટસ, તથા ટાવર સી-ડી, ટાવર ઇ-એફ, ટાવર જી-એચ (કુલ ૦૬ ટાવરો)માં કુલ-૧૨૦ રહેણાંકના ફ્લેટસ ના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.૧૨-૦૮-૨૦૧૬ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગી અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :
કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## <u>વિકાસ પરવાનગી</u>

**<u>શ્રી પ્રિયંક રમણભાઇ પટેલ</u>** ગામ **<u>ભાયલી</u>**, તા.જી.**<u>વડોદરા</u>**ના રે.સ.નં.**<u>૩૬૪/૨</u>**, બ્લોકનં.**<u>૩૧૪,૩૧૫</u>**, **ઓ.પી.નં. ૧૬,૧૭**, ફા.પ્લોટનં.૨૬,૨૭, ટી.પી.સ્કીમનં. ૦૩(ભાયલી) વાળી જમીનનુ ક્ષેત્રફળ **<u>૭૨૪૧.૦૦</u>** ચો.મી. જમીનમાં બાંધકામ ક્ષેત્રફળ બેઝમેન્ટ **<u>પાર્કિંગ</u>**, ગ્રાઉન્ડ ફ્લોર **<u>૪૧૩.૬૫</u>** ચો.મી. ફર્સ્ટ ફ્લોર **<u>૨૬૭૪.૯૮</u>** ચો.મી., સેકન્ડ ફ્લોર **<u>૨૫૮૯.૧૧</u>** ચો.મી., થર્ડ ફ્લોર **<u>૨૫૮૯.૧૧</u>** ચો.મી., ફોર્થ ફ્લોર **<u>૨૫૮૯.૧૧</u>** ચો.મી., ફિફ્થ ફ્લોર **<u>૨૧૭૬.૦૪</u>** ચો.મી., મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ **<u>૧૩૦૩૨.૦૦</u>** ચો.મી. માં **<u>ટાવર એ-બી તથા ટાવર આઇ-જે (કુલ-૦૪)માં કુલ-૪૮ દુકાનો તથા રહેણાંક હેતુના કુલ-૬૪ ફ્લેટસ, તથા ટાવર સી-ડી, ટાવર ઇ-એફ, ટાવર જી-એચ (કુલ- ૦૬ ટાવરો)માં કુલ-૧૨૦ રહેણાંકના ફ્લેટસ ના</u>** બાંધકામ માટે નીચેની ખાસ શરતો અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ -૧૯૭૬ (સને ૧૯૭૬ નાં રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) કલમ-૨૯/૧ (૧), ૨૯/૧(૨) હેઠળ આથી વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

<u>ખાસ શરતો</u> :-

૧. સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૨(ડી) તથા સ્ટ્રકચરલ ડીટેઇલ ડ્રોઇગ રજુ કરવાના રહેશે.
૨. કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.
૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ-૧૦૯ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.
૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૦૪ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.
૫. જી.ડી.સી.આર - ૨૦૦૬ ની કલોઝ નં. ૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
૬. ચીફ ઓફીસરશ્રી (ફાયર), ફાયર બ્રિગેડ, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરા નું "ના-વાંધા પ્રમાણપત્ર" નં.અ.તા.સે.જા.નં.૩૦૭૨/૨૦૧૬-૧૭, તા.૦૧/૧૨/૨૦૧૬ ની શરતોનુ પાલન કરવાનુ રહેશે. (નકલ સામેલ છે.)
૭. કોમન જીડીસીઆરની જોગવાઇ મુજબ ઓક્યુપન્સી મેળવતા અગાઉ બંને બિલ્ડીંગનો ઇન્સ્યોરન્સ લઇ રજુ કરવાનો રહેશે.
૮. ગુજરાત રીયલ એસ્ટેટ રૂલ્સ-૨૦૧૬ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
૯. બેટરમેન્ટ ચાર્જ તથા એમીનીટી ચાર્જ અંગે અરજદારશ્રીની માગણી મુજબ ત્રણહપ્તા કરવામાં આવેલ છે. જે ચેકો સમયસર ભરપાઈ થાય તેની કાળજી રાખવાની રહેશે. જેમા પૂરેપૂરી રકમ આપેલ મુદત મુજબ ભરપાઈ કરવાના રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૬/પરવાનગી/૫૦/૨૦૧૬
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :-૨૦- ૦૧ – ૨૦૧૭

<u>નકલ રવાના પ્રતિ</u> :-

[illegible]